Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2009
Valid Up to Dt. 31-12-2011

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LI] FRIDAY, 6th AUGUST, 2010/SRAVANA 15, 1932 [No. 37**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II*** **EXTRAORDINARY**

### સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના નં. ૭૬ (ડુમસ-વાંટા-ગવિયર)

## અધિસુચન

નં. ટીપીડી/આ/૨૫૩૮/૨૦૧૦.-આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવપલમેન્ટ એક્ટ, ૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : તાપી નદી આવેલ છે.

દક્ષિણે : ડ્રાફટ નગર રચના યોજના નં. ૭૭ (ડુમસ-ભીમપોર-ગવિયર) અને ડ્રાફટ નગર રચના યોજના નં. ૩૨ (ગવિયર-વાંટા-ડુમસ)ની હદ આવેલ છે.

પૂર્વે : ડ્રાફટ નગર રચના યોજના નં. ૩૧ (ગવિયર-મગદલ્લા)ની હદ આવેલ છે.

પશ્ચિમે : ડ્રાફટ નગર રચના યોજના નં. ૮૨ (ડુમસ)ની હદ આવેલ છે.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતેની મુખ્ય કચેરીમાં ટાઉન પ્લાનીંગ ખાતામાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાની અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધાસુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત, ૫ માહે ઓગષ્ટ, સને ૨૦૧૦.

અપર્ણા,
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.



PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.